Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
www.researchguru.net
Volume-15, Issue-2, September-2021

# રઘુવીર ચૌધરીની 'અમૃતા' નવલકથામાં પ્રગટ થતી નૂતન વિચારધારા

તાડા ચંદ્રાબેન દીનેશભાઈ

( M.A., Ph.D. ) Research scholar , Veer Narmad South Gujarat University, Surat.
EmailID:chandratada15@gmail.com

***સારાંશ*** *:*

*'અમૃતા' રઘુવીર ચૌધરીની નૂતન વિચારધારા ધરાવતી આધુનિકતાવાદી નવલકથા છે. આ નવલકથામાં ત્રણ પાત્રો છે અમૃતા , ઉદયન અને અનીકેત. જેમાં મુખ્ય પાત્ર અમૃતા છે. આ ત્રણેય પાત્રોની વિભિન્ન અને નૂતન વિચારધારાને સર્જક ક્યાંક સીધા કથન દ્વારા તો ક્યાંક પાત્રના મુખે પ્રગટ કરી છે. આ ત્રણેય પાત્રોની વિચારધારા , તેમનું મનોમંથન અને તેમનો આંતરિક સંઘર્ષ આ નવલકથામાં કેન્દ્રસ્થાને છે. આ નવલકથા ત્રણ ખંડોની બની છે. જેમાં પ્રથમ ખંડને 'પ્રશ્નાર્થ' નામ આપવામાં આવ્યું છે. આ પ્રથમ ખંડમાં અમૃતાને , ઉદયન અને અનિકેત આ બેમાંથી કોનો સ્વીકાર કરવો તે અંગે પ્રશ્નાર્થ ભાવ અનુભવતી દર્શાવી છે. ત્યારપછીનો બીજો ખંડ છે 'પ્રતિભાવ'. આ ખંડમાં ત્રણે પાત્રોના એકબીજા પ્રત્યેના , પરિસ્થિતિ પ્રત્યેના પ્રતિભાવને આલેખવામાં આવ્યા છે. તો ત્રીજા ખંડને 'નીરુત્તર' નામ આપીને લેખકે અમૃતાની ઉત્તર ન આપી શકવાની નિરુત્તર સ્થિતિની વ્યથાને પ્રગટ કરી છે.*

---

અમૃતા નવલકથાનાં ત્રણેય ખંડોના નામ 'પ્રશ્નાર્થ' , 'પ્રતિભાવ' અને 'નિરુત્તર' એ પાત્રોનાં આંતરમનની સ્થિતિને , તેના આંતરિક સંઘર્ષને દર્શાવે છે. ત્રણેય ખંડમાં છ-છ પ્રકરણો છે. આમ નવલકથા કુલ ૧૮ પ્રકરણ અને ૩૦૯ પૃષ્ઠોમાં વિસ્તરેલી છે. આ નવલકથામાં કોઈ ઘટનાને મહત્વ આપવામાં આવ્યું નથી. પણ પરસ્પરના સંબંધોને અને તેમના સંઘર્ષને મહત્વ આપવામાં આવ્યું છે. આ પાત્રપ્રધાન નવલકથાનાં ત્રણેય પાત્રો અધ્યાપક છે. જેમાં અમૃતા શ્રીમંત પિતાની પુત્રી છે. તેના બે ભાઈઓ પરણિત છે. તેના માતા- પિતા મૃત્યુ પામ્યા છે. અમૃતા બાળપણથી જ ઉદયન સાથે મિત્રતા ધરાવે છે. ઉદયન ગુજરાતી ભાષાનો અધ્યાપક છે. ઉદયનો મિત્ર અનીકેત જે વિજ્ઞાનનો અધ્યાપક છે. ઉદયન જ અનીકેતનો પરિચય અમૃતા સાથે કરાવે છે. આ ત્રણેય પાત્રો પોતપોતાની આગવી બૌદ્ધિક વિચારધારા ધરાવે છે. ત્રણેયનો જીવન અને જગત પ્રત્યેનો અભિગમ નૂતન અને એકબીજાથી ભિન્ન છે. જેના કારણે તેમની વચ્ચે સૂક્ષ્મ સંઘર્ષ સર્જાય છે. સર્જકે આ ત્રણેય પાત્રોની નૂતન વિચારધારા દ્વારા તેમના જીવન અને જગતને આલેખ્યું છે. સર્જકે આ નવલકથામાં ત્રણેય પાત્રો દ્વારા આધુનિક જીવન જીવતા બુદ્ધિશીલ માનવીના પોતાની જાત સાથેના સંઘર્ષને નિરૂપ્યો છે. આ ત્રણેય પાત્રો પોતાનાં આંતર સંઘર્ષ દ્વારા , પોતાના મનોમંથન દ્વારા એકબીજાને ઓળખવા મથે છે , પોતાની જાતને સમજવા અને પામવા મથે છે.

નવલકથાના આરંભમાં અમૃતા ડોક્ટરેટ થાય છે. આથી તેના બંને મિત્રો ઉદયન અને અનિકેત તેને અભિનંદન આપવા તેના ઘરે

જાય છે. આ ત્રણેય પાત્રો જે ચર્ચા કરે છે તેના પરથી તેમની વિચારધારાઓ અને તેમની માન્યતાઓ પ્રગટ થતી જણાય છે. કથાનાં આરંભમાં થતી આ ચર્ચામાંથી જ પાત્રોની સમજ અને તેમના સ્વભાવની વિભિન્નતા ભાવકને સમજાય છે. આ ત્રણેય પાત્રો પોતપોતાની સ્વતંત્ર વિચારધારામાં માનનારા છે. તેમ છતાં તેમના વ્યક્તિગત વિચારો અને માન્યતામાં ક્યાંક સમાનતા છે તો ક્યાંક ભિન્નતા પણ છે. આ નવલકથાના પાત્રો સતત પોતાની જાત સાથે વિચાર-વિમર્શ કરતા અને આંતરિક સંઘર્ષ અનુભવતા આલેખાયા છે. લેખકે ત્રણેય પાત્રોના ચેતન અને અચેતન મન વચ્ચેનાં સંઘર્ષને નવલકથામાં પ્રતીક , કલ્પન દ્વારા અનોખી રીતે આલેખ્યા છે. આ ઉપરાંત આ પાત્રો વચ્ચે જે પ્રણય ત્રિકોણ સર્જાય છે અને તેના કારણે જે સમસ્યા અને સમાધાનો થાય છે. તેનું વર્ણન લેખકે ઉત્તમ પ્રકારની ભાષાશૈલીથી કર્યું છે. આ સાથે પાત્રોના આંતર અને બાહ્ય જગતનું નિરૂપણ પણ સર્જનાત્મક રીતે કર્યું છે.

નવલકથાની કથાવસ્તુ પર નજર કરીએ તો આ નવલકથાનાં પાત્રોનાં વિચારોને અને તેના વ્યક્તિગત સ્વભાવને કથાવસ્તુ કરતા વિશેષ મહત્વ આપવામાં આવ્યું છે. ઉચ્ચ વિચારો ધરાવતા આ ત્રણેય પાત્રોને વધુ ઊંડાણથી જોઈએ તો આપણને સમજાય છે કે અમૃતા શાશ્વત સમયને , સ્વતંત્રતાને ઈચ્છે છે. જ્યારે ઉદયન માત્ર ચાલુ વર્તમાનકાળમાં જ જીવે છે અને તેના સિવાય બીજા કશાનો તે સ્વીકાર કરતો નથી. તો અનિકેત માત્ર ભૂત અને ભવિષ્યમાં જ વિશ્વાસ રાખે છે. તેના માટે વર્તમાન એ ભ્રમ છે.

અમૃતા આરંભમાં સ્વાતંત્ર્ય વ્યક્તિત્વ અને વિચારોધારામાં માને છે. પણ અંતે તેને સમજાય છે કે માત્ર સ્વતંત્રતા જ બધું નથી. જીવવા માટે માત્ર સ્વતંત્રતા જ નહીં તેની સાથે સ્નેહની પણ એટલી જ જરૂર છે. અંતમાં અમૃતા સ્વતંત્રતાની શૂન્યતા અનુભવે છે અને સ્વતંત્રતાને ભોગે પ્રેમને સ્વીકારે છે. બે પાત્રોમાંથી કોની પસંદગી કરવી એવી અસમંજસ અનુભવતી અમૃતા , ઉદયનને સ્વીકારે છે. પરંતુ તેના આંતરજગતમાં અનીકેત જ છવાયેલો રહે છે. અમૃતા અનીકેત તરફ જવા માંગે છે. પણ અનીકેત તેનો સ્વીકાર કરવા તૈયાર નથી હોતો. અમૃતાને ઉદયનની માન્યતા અને જીવન જીવવાની રીત સ્વીકાર્ય નથી છતાં તે ઉદયનને સ્વીકારે છે. પણ અમૃતા તેનો સંપૂર્ણ સ્વીકાર કરે તે પહેલાં જ ઉદયન મૃત્યુ પામે છે.

ઉદયન અસ્તિત્વવાદી વિચારધારા ધરાવે છે. તે વિજ્ઞાનનો અધ્યાપક અને સાથે જર્નાલિસ્ટ પણ છે. ઉદયનની વાતો પરથી જણાય છે કે તેને ઈશ્વર , પરંપરા , સંસ્કૃતિ જેવી બાબતોમાં રસ નથી. તેને જીવન સાવ નિરર્થક લાગે છે. પ્રેમની બાબતમાં પણ ઉદયન એવી માન્યતા ધરાવે છે કે પ્રેમ આકસ્મિત છે. તેના પર આપણું નિયંત્રણ નથી અને જેના પર આપણો નિયંત્રણ નથી તેને પામીને પણ શું ? એમ તે માને છે. ઉદયન માત્ર વર્તમાનમાં જ વિશ્વાસ ધરાવે છે. તે ભૂતકાળને સાચવીને તેના સ્મરણમાં રહેવામાં નથી માનતો. તે અમૃતા તરફ જવા માગે છે. પણ અમૃતાને ઉદયનના જીવનની અર્થશૂન્યતા પસંદ નથી. આરંભમાં ઉદયન પોતાના સ્વતંત્ર વ્યક્તિત્વને જ સ્વીકારે છે. પરંતુ અંતે તેને સમજાય છે કે બધાને જીવવા માટે

એકબીજાને જરૂર પડે છે. બધા જ કોઈને કોઈ રીતે એકબીજા સાથે સંકળાયેલા હોય છે.

અમૃતા અને ઉદયન કરતાં અનીકેત ઉચ્ચ વિચારધારા ધરાવતું પાત્ર છે. અનિકેત ભૂત અને ભવિષ્ય બંનેમાં વિશ્વાસ ધરાવે છે. પણ તેના માટે વર્તમાન એ માત્ર ભ્રમ છે અને નિરર્થક છે. અનીકેત ઉદયન નો મિત્ર છે. તે ઉદયન દ્વારા જ અમૃતાનો પરિચય પામે છે અને અમૃતાના વ્યક્તિત્વથી આકર્ષાય છે. પણ તે અમૃતાને સ્વીકારી શકતો નથી. તેને એવું લાગે છે કે પોતે અમૃતા અને ઉદયનની વચ્ચે આવ્યો છે. આથી તે બંનેથી દૂર જવા માટે રાજસ્થાનમાં રણ અંગે સંશોધન કરવા જતો રહે છે. પ્રેમની બાબતે પણ અનીકેત કોઈની પાસેથી અપેક્ષા ન રાખવાની વિચારધારા ધરાવે છે. તેના મતે પ્રેમ એ શ્રદ્ધાજન્ય અમૃત છે. તે બહારથી માંગવાની વસ્તુ નથી અને તે બહારથી નથી મળતું. જો તે આપણી અંદર હશે તો આપણે બહારની દુનિયાનું ઝેર પચાવી શકીશું.

ઉદયન અને અનિકેતના વ્યક્તિત્વ અને તેની વિચારધારાને જોઈએ તો એમ જણાય છે કે ઉદયનનું વ્યક્તિત્વ નકારાત્મક છે. જ્યારે અનીકેતનુ વ્યક્તિત્વ હકારાત્મક છે. ઉદયન કરતાં અનિકેતની વિચારધારા વધારે સ્વતંત્ર છે અને તેથી જ અમૃતા અનીકેત તરફ ઝૂકે છે. ઉદયન અધિકાર મેળવવામાં માને છે. જ્યારે અનીકેત માત્ર સુગંધથી સંતોષ માનવામાં અને ફૂલને સ્વતંત્ર રાખવામાં માને છે. અંતે આ ત્રણેય પાત્રોની વિચારધારા અને માન્યતામાં પરિવર્તન આવે છે. અંતે તેઓ તેને આવકારે પણ છે. નવલકથાને અંતે જ્યારે ઉદયન મૃત્યુ પામે છે. ત્યારે તેની એક તરફ અમૃતા અને બીજી તરફ અનિકેત ઉદયનની એ સ્થિતિ અંગે વ્યથા અનુભવતા નિરુત્તર ઉભા હોય છે. અંતે નકારાત્મકતા અને હકારાત્મકતામાંથી હકારાત્મકતા સમયની સાથે ટકી રહે છે અને જીતે છે. પણ તેમ છતાં અંતે તો અનિકેત અને અમૃતા પણ ઉદયનની બાબતે નિરુત્તર જ રહી જાય છે.

આમ રઘુવીર ચૌધરીની આ નવલકથા મનુષ્યના બાહ્ય જગત કરતાં તેનાં આંતર જગતને વધારે મહત્વ આપતી નવલકથા છે. આ નવલકથામાં સ્થુળ ઘટના સાથે ત્રણેય પાત્રોની સૂક્ષ્મ ઘટનાને તેની નુતન વિચારધારાને વિશેષ મહત્વ આપવામાં આવ્યું છે.

- સંદર્ભગ્રંથ :

→ રઘુવીર ચૌધરી , 'અમૃતા' , પ્રકાશક : શ્રી હરિહર પુસ્તકાલય , સુરત
પ્રથમ આવૃત્તિ : ૧૯૬૫